# નિયામક, નિર્દિષ્ટ વિસ્તાર

## ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
## ઉદ્યોગભવન, ગાંધીનગર.

કામનું નામ :- નિર્દિષ્ટ વિસ્તારોમાં કરવેરા, પાણી અને ડ્રેનેજ બીલીંગ માટે ઓન લાઈન સીસ્ટમનું ડિઝાઈન ડેવલોપમેન્ટ સંચાલન અને જાળવણીનું કામ.

નિયામકશ્રી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી,
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
બ્લોક નં.૩, પાંચમો માળ, ઉદ્યોગ ભવન,
સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ઈ-મેલ એડ્રેસ: dirna@gidcgujarat.org

નિયામકશ્રી નિર્દિષ્ટ વિસ્તારની કચેરી,
બ્લોક નં.૩, પાંચમો માળ, ઉદ્યોગ ભવન,
સેકટર-૧૧, ગાંધીનગર.

## : અનુક્રમણિકા :


| ક્રમ | વિગત | પાના નંબર |
| --- | --- | --- |
| ૧. | મેમોરેન્ડમ | ૩ |
| ૨. | જાહેરાત | ૪ |
| ૩ | ઈજારદારે ભરવાનું પ્રમાણ પત્ર | ૫ |
| ૩. | સોગંદનામું | ૬ |
| ૪. | ટેન્ડરની સામાન્ય શરતો | ૭ થી ૯ |
| ૫. | ટેકનીકલ સ્પેશીફીકિશન | ૧૦થી૧૧ |
| ૬. | શીડ્યુલ બી | ૧૨ |


નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.

નિયામકશ્રી નિર્દિષ્ટ વિસ્તારની કચેરી
ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ,
બ્લોક નં.૩, પાંચમો માળ, ઉધોગભવન,
સેકટર-૧૧, ગાંધીનગર.

**કચેરી યાદી ( મેમોરન્ડમ )**

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ | નિર્દિષ્ટ વિસ્તારોમા કરવેરા, પાણી અને ડ્રેનેજ બીલીંગ માટે ઓન લાઈન સીસ્ટમનું ડિઝાઈન ડેવલોપમેન્ટ સંચાલન અને જાળવણીનું કામ. |
| ૨ | અંદાજીત રકમ | આઈટમ રેટ |
| ૩ | ટેન્ડર ફી | રૂ. ૨૫,૦૦૦/- + ૧૮% જી.એસ.ટી |
| ૪ | બાનાની રકમ | રૂ. ૩.૦૦ લાખનો "ડાયરેકટર ઓફ નોટીફાઈડ એરીયા" ના નામનો ગાંધીનગર ખાતેનો ડીમાન્ડ ડ્રાફ્ટ. |
| ૫ | ટેન્ડરનો વેલીડીટી પીરીયડ | ૯૦ દિવસ |
| ૬ | સિક્યોરીટી ડિપોઝીટ | મંજુર થયેલ આઈટમના અંદાજીત જથ્થાની રકમના ૫% ટેન્ડર મંજૂર થયેથી ૧૦ દિવસમાં. |
| ૭ | કામની સમય મર્યાદા | વાર્ષિક કરાર (ઓર્ડરની તારીખથી ૨ વર્ષ) |
| ૮ | ટેન્ડર ઓનલાઈન ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા. ૧૯ / ૦૫ / ૨૦૨૧ |
| ૯ | ટેકનીકલ બીડ ઓફ લાઇન રજીસ્ટર એ.ડીથી સબમીટ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૫ /૦૫ /૨૦૨૧ ને સાંજના ૬.૦૦ કલાક સુધી |
| ૧૦ | ટેકનીકલ પ્રેજન્ટેશન આપવાની તારીખ | તા.૨૮ /૦૫ /૨૦૨૧ સાંજના ૩.૦૦ કલાકે. |
| ૧૧ | ભાવો ભરવા માટેની સૂચના | દરેક આઈટમ વાઈઝ પ્રતિ એકમ ભાવ સૂચિમાં જણાવ્યા પ્રમાણે. |
| ૧૨ | ટેન્ડર કઈ રીતે મોકલવું | રજી.પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી તેમજ લાખથી સીલ કરીને મોકલવું. લાખથી સીલ વગરનું ટેન્ડર પોસ્ટમેન પાસેથી સ્વીકારવામાં આવશે નહિ. |

કંપનીનો સિકકો
તથા સહી

નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.

# નિયામકશ્રી , નિર્દિષ્ટ વિસ્તારની કચેરી

બ્લોક નં. ૩ , પાંચમો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૧
ઈમેલ – dirna@gidcgujarat.org

## // જાહેર નિવિદા //

નિયામકશ્રી , નિર્દિષ્ટ વિસ્તાર હસ્તકના ૧૯ નિર્દિષ્ટ વિસ્તારોમાં સંકલિત વેરા, પાણી તથા ડ્રેનેજના બીલીંગ તથા રીકવરી માટે ઓન લાઈન સીસ્ટમનું ડિઝાઈન ,ડેવલોપમેન્ટ ,સંચાલન અને જાળવણીના કામ માટે રજીસ્ત્રેશન ધરાવતી આટી /બીપીએમ સર્વીસ પુરી એજન્સીઓ પાસેથી ટેન્ડર મંગાવવામાં આવે છે. એજન્સીએ નોટીફાઈડ એરીયા/ નગરપાલિકા/કોર્પોરેશન અથવા સ્થાનિક સત્તામંડળમાં આ પ્રકારના કામનો છેલ્લા ૫ (પાંચ) વર્ષમાં કરેલ કામનો ઓછામાં ઓછો ૧ (એક) વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈએ

| અનું. નં. | કામનું નામ | (અ) અંદાજીત રકમ<br>(બ) ટેન્ડર ફી<br>(ક) બાનાની રકમ |
|---|---|---|
| ૧ | નિર્દિષ્ટ વિસ્તારોમા કરવેરા, પાણી અને ડ્રેનેજ બીલીંગ માટે ઓન લાઈન સીસ્ટમનું ડિઝાઈન ડેવલોપમેન્ટ સંચાલન અને જાળવણીના કામ . | (અ) આઈટમ રેટ<br>(બ) રૂ. ૨૫,૦૦૦.૦૦<br>(ક) રૂ. ૩,૦૦,૦૦૦ .૦૦ |

ઉક્ત કામની જરુરી માહિતી અત્રેની કચેરીએની વેબ સાઈટ **www.gidc.gujarat.gov.in** ઉપર ઉપલબ્ધ છે.આ વેબ સાઈટ ઉપરથી કોરા ટેન્ડર ફોર્મ તા. ૧૯ /૦૫ / ૨૦૨૧ સુધીમાં ડાઉનલોડ કરવાના રહેશે. ટેકનીકલ બીડ ઓફ લાઇન રજીસ્ટર એ.ડીથી સબમીટ કરવાની છેલ્લી તારીખ ૨૫ / ૦૫ / ૨૦૨૧ , સાંજના ૬.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે . ટેકનીકલ પ્રેજન્ટેશન આપવાની તારીખ ૨૮ / ૦૫ / ૨૦૨૧ સાંજના ૩.૦૦ કલાકે રાખવામાં આવેલ છે . મોડા આવનાર કે, ફાટેલા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. કોઈ પણ ટેન્ડર કોઈ પણ કારણ આપ્યા વગર અસ્વીકાર કરવાનો અધિકાર નિગમ સક્ષમ અધિકારીશ્રીને છે.

સહી/-
નિયામક (નિ.વિ)
જીઆઈડીસી ગાંધીનગર

# ઈજારદારે ભરવાનું પ્રમાણપત્ર

આ અગાઉ અમોએ આવા જ પ્રકારના કામો સંતોષકારક રીતે પુરા કરેલા છે જેની વિગતો નીચે મુજબ છે.

| અનુ.નં. | સંસ્થા/ કચેરીનું નામ | ઓર્ડર નંબર અને તારીખ | કુલ રકમ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

કંપનીનો સિકકો
તથા સહી

નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.

## -: સોગંદનામું :-

આથી હું સહિ કરનાર નામે શ્રી ..................................................................

મેસર્સ..........................................................................................................

ના માલિક/ ભાગીદાર/ પ્રતિનિધિ નિર્દિષ્ટ વિસ્તારોમા કરવેરા, પાણી અને ડ્રેનેજ બીલીંગ માટે ઓન લાઈન સીસ્ટમનું ડિઝાઈન ડેવલોપમેન્ટ સંચાલન અને જાળવણીના કામની સર્વે શરતો મેં કાળજીપુર્વક વાંચી છે / અને સમજપુર્વક આ સાથેના સીડ્યુલ બી માં ભરેલ/ દર્શાવેલ ભાવો મારી/ અમારી પેઢી/ કંપનીને તથા તેના ભાગીદારો/ માલિકોને કબૂલ મંજૂર અને સંપુર્ણપણે બંધનકર્તા રહેશે, જેની હું/ અમો ખાત્રી આપું છું / આપીએ છીએ.

નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.

કંપનીનો સિકકો
તથા સહી

# કામની સામાન્ય શરતો

(૧) ઈજારદાર જીએસટી નંબર ધરાવતા હોવા જોઈએ જેની ખરાઈ માટે ફોર્મ ૨૫ હેઠળ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર હોવું જરૂરી છે.

(૨) ઈજારદારે ટેન્ડર સાથે રૂ. ૨૫,૦૦૦/- વતા ૧૮% જીએસટી એમ મળી કુલ રુ. ૨૯,૫૦૦/- (અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર પાંચસો પુરા) ની રકમ નો ડીમાન્ડ ડ્રાફ્ટ " ડાયરેક્ટર ઓફ નોટીફાઈડ એરીયા" ગાંધીનગરના નામનો ટેન્ડરની ફી રકમ પેટે મોકલવાનો રહેશે. જે રકમ પરત કરવા પાત્ર રહેશે નહી.

(૩) ઈજારદારે ટેન્ડર સાથે રૂ. ૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા) ની રકમ નો ડીમાન્ડ ડ્રાફ્ટ " ડાયરેક્ટર ઓફ નોટીફાઈડ એરીયા" ગાંધીનગરના નામનો ટેન્ડરની બાનાની રકમ પેટે મોકલવાનો રહેશે. બાનાની રકમ સિવાયના કોઈપણ ભાવપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. આ રકમ અત્રેથી ટેન્ડર આખરી થયા બાદ ઈજારદારને પરત કરવામાં આવશે.

(૪) ભાવો જીએસટી સિવાયના ભરવાના રહેશે. ભાવ ઉપર ૧૮% જી એસ ટી અલગથી આપવામાં આવશે.

(૫) ટેન્ડર ફક્ત રજીસ્ટર પોસ્ટ એ ડી/સ્પીડ પોસ્ટથી સ્વીકારવામાં આવશે. કુરીયર અથવા રુબરુમાં સ્વીકારવામાં આવશે નહી.

(૬) જે ઈજારદારના દર મંજુર થશે તેઓએ મંજુર થયેલ દરે બે વર્ષની મુદત માટે સેવા આપવાની રહેશે જરૂર જણાશે ઈજારદાર ની સંમતિથી વધુ બે (૨) વર્ષ માટે મુદ્દત વધારી શકાશે.

(૭) ભાવ ભરનાર ઈજારદારોએ તેમના ભાવપત્રક લાખ (wax) થી સીલ કરવાના રહેશે તેમજ તે કવર ઉપર ટેન્ડર મોકલવાની તારીખ તથા "નિર્દિષ્ટ વિસ્તારોમા કરવેરા, પાણી અને ડ્રેનેજ બીલીંગ માટે ઓન લાઈન સીસ્ટમનું ડિઝાઈન ડેવલોપમેન્ટ સંચાલન અને જાળવણીના કામનું ટેન્ડર" એમ અચૂક લખવાનું રહેશે અને તે સિવાયના ટેન્ડર અન્ય સાદા કવરો સમજી કચેરીની અન્ય ટપાલ સાથે ખુલી જશે તો ટેન્ડર સ્વીકારવા કે નહી ? તે બાબતે નિયામકશ્રી ( નિ વિ) નો નિર્ણય આખરી ગણાશે.

(૮) ઈજારદારે ટેકનીકલ બીડ અને ફાયનાન્સીયલ બીડ એમ બે અલગ-અલગ કવર બનાવીને મોકલવાના રહેશે.

(૯) જે ઈજારદારના ભાવો મંજૂર થશે તેમની પાસેથી નોટીફાઈડ વિસ્તારોના કરવેરા, પાણી તથા ગટરના બીલો પેટે કરવામાં આવેલ રીકવરીના વર્ષ ૨૦૨૦-૨૧ ના ડેટા મુજબ થતી કુલ રકમના ૫% લેખેની રકમ સીકયુરીટી ડીપોઝીટ તરીકે લેવામાં આવશે સંબંધિત ઈજારદારે "ડાયરેક્ટર ઓફ નોટીફાઈડ એરીયા" ના નામે ગાંધીનગર ખાતેનો ડીમાન્ડ ડ્રાફ્ટ / અથવા રાષ્ટ્રીયકૃત બેંકની ફિક્સ ડિપોઝીટથી અત્રે જમા કરાવવાની રહેશે. આ રકમ ઈજારદારોને વાર્ષિક કરાર પુર્ણ થયેથી પરત કરવામાં આવશે.

(૧૦) ઈજારદારે ૨ વર્ષ સુધી કામ કરવાના કરાર કરવાના રહેશે. ૨ વર્ષની અંદર ઈજારદાર અધુરુ કામ છોડીને જઈ શકશે નહી. જો ઈજારદાર અધુરુ કામ છોડીને જશે. તેવા સંજોગોમાં કચેરી પાસે જમા પડેલ અનામત રકમ (સીકયોરીટી ડીપોઝીટ) જપ્ત કરવામાં આવશે. તથા ઈજારદારનું નામ કાળી યાદીમાં મૂકવામાં આવશે.

(૧૧) ઈજારદારને બિલોનું ચુકવણૂં દર મહિને નોટીફાઈડ એરીયા કચેરી ધ્વારા કરવામાં આવશે. ઈજારદારે કરેલ કામગીરીના જથ્થાની ખરાઈ કરી જે તે નોટીફાઈડ એરીયા ઓફિસર ધ્વારા ચુકવણૂં કરવામાં આવશે. તથા નિયમ મુજબ ટીડીએસ કપાત કરવામાં આવશે.

(૧૨) જે ઈજારદારના ટેન્ડર મંજુર થશે. તે ઈજારદારે એગ્રીમેન્ટ ઉપર રૂ. ૩૦૦/- ના અધેસીવ સ્ટેમ્પ લગાડી એગ્રીમેન્ટ કરવાનું રહેશે.

(૧૩) ટેન્ડરમાં દર્શાવેલ જે સંકલિત વેરા,પાણી તથા ગટરનો જથ્થો અંદાજીત છે અને તેમાં વધારો કે ઘટાડો થઇ શકે છે.

(૧૪) આ કામ અંગેની વિશેષ માહિતીની જરૂર હોય તો આ કચેરીના રજા સિવાયના દિવસોમાં કચેરી સમયે ૩-૦૦ થી ૬-૦૦ વાગ્યા સુધી અત્રેની કચેરી પાસેથી જોઈ સમજી જાણી લેવાના રહેશે.

(૧૫) ટેન્ડરમાં મળેલ કોઈપણ ભાવ અથવા સૌથી નીચા ભાવ મંજૂર કરવાના કે નહી, તેનો સંપુર્ણ અધિકાર નિયામકશ્રી (નિ.વિ) એ અનામત રાખેલ છે.

(૧૬) આ કામના કોઈપણ તકરાર કે વાંધા પ્રસંગે માનનીય ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી કે નિયામકશ્રી (નિ.વિ) નો અથવા તેમણે આ અંગે આપેલ સત્તાઓ ધરાવતા કોઈપણ અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને ભાવ ભરનારને બંધનકર્તા રહેશે.

(૧૭) ઉપરોકત શરતો જેમને કબૂલ મંજૂર હોય તેમજ આ ટેન્ડર સૂચનાના અનુસંધાનમાં આપેલા ભાવપત્રકો આ ટેન્ડરની સૂચના/ શરતોને આધિન રહીને જ ભરાયેલા છે તેમ માનવામાં આવશે. આ અંગેના નિર્ણય સામે વાંધા કે તકરારને અવકાશ રહેશે નહીં. કોઈપણ શરતી ભાવો મંજૂર કરવામાં આવશે નહીં. કોઈપણ શરતોવાળું ટેન્ડર/ ભાવપત્રક રદબાતલ થશે.

(૧૮) વાર્ષિક કરાર દરમ્યાન સરકારશ્રી તરફથી કોઈપણ આઈટમ માટે જીએસટીના દરમાં વધારો કે ઘટાડો કરવામાં આવશે તો તે નિગમ દ્વારા ખરાઈ કરી આપવામાં આવશે.

(૧૯) ઈજારદારે બીલમાં તેમની કંપનીનું તથા જેતે નિર્દિષ્ટ વિસ્તારનું જીએસટી નંબર નાખી દરેક આઈટમના કોડ નંબર નાખી બીલ મોકલી આપવાનું રહેશે. ઉપરાંત દરેક આઈટમ ઉપર સીજીએસટી અને એસજીએસટી અલગ-અલગ બતાવાના રહેશે.

(૨૦) ટેકનીકલ બિડનું વેઈટેજ ૮૦% સુધી ગણતરીમાં લેવામાં આવશે. આજ પ્રકારના કામો (નોટીફાઈડ ટેક્ષ,પાણી પૂરવઠા તથા ગટર વ્યવસ્થા સિવાય) કોઈપણ નોટીફાઈડ એરીયા મહાનગર પાલિકા, કોર્પોરેશન અથવા લોકલ ઓથોરીટીમાં ઓછામાં ઓછા એક વર્ષ માટે સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોય તેના ૫% ગણતરી લેવામાં આવશે.

(૨૧) આ જ પ્રકારના કામો નોટીફાઈડ ટેક્ષ,પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા નોટીફાઈડ એરીયા / જીઆઈડીસી સિવાયના સરકારી વિભાગોમાં ઓછામાં ઓછા એક વર્ષ માટે સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોય તેના ૧૦% ગણતરીમાં લેવામાં આવશે.

(૨૨) આજ પ્રકારના કામો નોટીફાઈડ ટેક્ષ,પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા નોટીફાઈડ એરીયા/ જીઆઈડીસીમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે પૂર્ણ કરેલ હોય તેના ૧૫% ગણતરીમાં લેવામાં આવશે.

(૨૩) જે ઈજારદારોની ટેકનીકલ બીડ કમીટી ધ્વારા ક્વોલીફાઈ કરવામાં આવશે. તે ઈજારદારો ની ફાયનાંશીયલ બીડ ખોલવામાં આવશે.

(૨૪ ) આ પ્રકારના કામોના અન્ય નોટીફાઈડ એરીયા/મહાનગર પાલિકા/કોર્પોરેશનના લોકલ ઓથોરીટીના સરખા નંબરના % ઉમેરવામાં આવશે.

કંપનીનો સિક્કો
તથા સહી
તારીખઃ

નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.

# <u>ટેકનીકલ સ્પેશીફીકેશન</u>

(૧) ઈજારદારે ૧૯ નિર્દિષ્ટ વિસ્તારો જેવા કે વાસણા (બોરસદ),નંદેસરી,વાઘોડીયા,પોર- રમણગામડી, કાલોલ(પંચમહાલ),અંકલેશ્વર,પાનોલી,ઝઘડીયા,સચીન,વાપી,વલસાડ,ઉમરગામ,કલોલ(ઉ.ગુ.), છત્રાલ(ગાંધીનગર),હજીરા,સરીગામ,ભરૂચ, પી.સી.સી (બરોડા),વિ.યુ.નગર માં સંકલિત વેરા, પાણી તથા ગટર ના બિલોની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે.

(૨) ઈજારદારે બીલીંગ અને રીકવરી માટે ઓન લાઈન સીસ્ટમની ડિઝાઈન કરી વિકસાવવાની રહેશે.સીસ્ટમમાં ઓનલાઇન ડેટા નાંખવાના રહેશે. તથા રોજેરોજ એન્ટ્રી કરવાની રહેશે તથા સંચાલન અને જાળવણીમાં વખતોવખત સુચવ્યા મુજબના સુધારા કરવાના રહેશે.

(૩) ઈજારદારે સંકલિત વેરાના બિલો દર ૬ મહિને,પાણી તેમજ ગટરના બિલો દર મહિને જે તે વસાહતના ફાળવણી દારોને મોકલવાના રહેશે.

(૪) બિલોની ડિલેવરી જે તે ફાળવણીદારને રુબરુ /ઇ-મેલ તથા એસ.એમ.એસ. થી કરવાની રહેશે.

(૫) દરેક વસાહતમાં જરૂરીયાત મુજબ ડેટા એન્ટ્રી ઓપરેટર પુરા પાડવાના રહેશે.

(૬) નિર્દિષ્ટ વિસ્તાર કચેરી તરફથી ઓફિસ માટેની જગ્યા ફર્નીચર,કોમ્પ્યુટર,પ્રીન્ટર તથા ઇન્ટરનેટની સુવિધા સહિત પુરી પાડવામાં આવશે.

(૭) ફાળવણીદાર પાસેથી બીલોનું ચુકવણું ઓન લાઈન / ડીડી/ ચેકથી મેળવવાનું રહેશે તથા ફાળવણીદારને તેઓએ કરેલ ચુકવણાની રસીદ ઓન લાઈન/રુબરુ પુરી પાડવાની રહેશે.

(૮) નિર્દિષ્ટ વિસ્તાર ના મુખ્ય અધિકારીશ્રી ના પરામર્શ માં રહી સંકલિત વેરા , પાણી તથા ગટરના બીલો તથા ફાળવણીદાર ધ્વારા કરવામાં આવેલ બીલોની ચુકવણીની તમામ વિગતો જીઆઈડીસીના મોડ્યુલ સાથે લીંક કરવાની રહેશે.

(૯) નોટીફાઈડ કચેરી ધ્વારા સંકલિત વેરા , પાણી તથા ગટર ના દરમાં નાણાંકીય વર્ષને અંતે વધારો કરવામાં આવે તો તે મુજબના સુધારા સીસ્ટમમાં કરવાના રહેશે.

(૧૦) ફાળવણીદાર તરફથી બીલ અથવા તેઓએ કરેલ બીલની ચુકવણી બાબતે અસંતોષ હોય અથવા તેમની કોઈ ફરિયાદ હોય તો ૨૪ કલાકની અંદર દુરસ્ત કરવાની રહેશે.

(૧૧) વર્ષ દરમિયાન આપની સેવાઓ સંતોષકારક જણાશે નહી. તો પરિસ્થિતિનો અભ્યાસ કરી "૨" (બે) વાર ચેતવણી પત્ર પાઠ્વવામાં આવશે. આમ છતાં આપની સેવાઓ સંતોષકારક નહી જણાય તો આપનો વાર્ષિક કરાર રદ કરવામાં આવશે.

(૧૨) નોટીફાઈડ કચેરીના આદેશ અનુસાર નોટીસ અને નો ડ્યુઝ સર્ટીફીકેટ તૈયાર કરી ફાળવણીદારોને રુબરુ/ ઈમેલથી મોકલવાના રહેશે.

(૧૩) ઈજારદારે પાણી મીટર રીડીંગની કામગીરી કરવાની રહેશે.

કંપનીનો સિક્કો
તથા સહી
તારીખઃ

નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.

# શીડ્યુલ-બી

| અનુ. નં. | વિગત | સીસ્ટમમાં જનરેટ એવરેજ બીલો | ભાવ ભરવાનું એકમ | ઈજરદારે ભરવાના દર પ્રતિ બીલ |
|---|---|---|---|---|
| (૧) | નોટીફાઈડ એરીયા ટેક્ષબીલીંગ (અર્ધ વાર્ષિક ) | ૪૬૫૭૫ફાળવણીદાર X ૨ | પ્રતિ બીલ | |
| (૨) | પાણી પુરવઠા બીલીંગ (માસિક) | ૨૦૦૦૩ કેનેક્શન X ૧૨ | પ્રતિ બીલ | |
| (૩) | ડ્રેનેજ બીલીંગ (માસિક) | ૫૨૭૦ કનેકશન X૧૨ | પ્રતિ બીલ | |

કંપનીનો સિક્કો
તથા સહી
તારીખઃ

નિયામક (નિ.વિ)
જીઆઈડીસી,ગાંધીનગર.